Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-3, Continuous Issue-19, May - June 2023

# હરેશ ધોળકિયા કૃત ‘અંગદનો પગ’ નવલકથાનું સ્વરૂપગત મૂલ્યાંકન

- કથાવસ્તુ
- પાત્રાલેખન
- વર્ણન કળા
- ભાષાશૈલી (૧. બોલીનો વિનિયોગ ૨. સંવાદ કળા)
- કૃતિનો ભાષાકીય અભ્યાસ, :- અંલકાર, કહેવતો, રૂઢિપ્રયોગ
- પ્રકીર્ણ

- કથાવસ્તુ

કથાસાહિત્યમાં કથાવસ્તુ કે કથાનકનું સવિશેષ મહત્વ છે. કથાવસ્તુના આધારે જ કથાસાહિત્યના વિવિધ સ્વરૂપો સફળ થતાં હોય છે.કથાનક ઉતમ મળે અને તેની વિવિધ સ્વરૂપમાં કલાત્મક માવજત થાય તો જ કોઈ પણ સ્વરૂપ સફળ નીવડે પછી તે જ નવલકથા હોય કે નવલિકામાં કથાસ્વરૂપે કાચોમાલ–પિંડ ઉતમ હોય તો જ તેનો કલાઘાટ આકાર યોગ્ય રીતે બંધાય એ સ્વાભાવિક છે.એવુ જ પિંડ જે શૈક્ષણિક પરિવેશમાંથી આવે છે. લેખકને કાચોમાલ તેમનાં જીવનનો એક ભાગ જ છે. તે આ કથાવસ્તુમાં આલેખન કર્યું છે.

શિક્ષણ જગતની નરી વાસ્તવિકતા રજૂ કરતી ‘અંગદનો પગ’ નવલકથા પ્રતિભાશાળીઓ અને સામાન્ય વ્યક્તિની સંઘર્ષની કથા છે. શાળાએ આ કથાની પૃષ્ટભૂમિકા રહી છે. લેખકે શાળાનું વાતાવરણ ભાવાવરણમાં વણી લીધું છે. એમાં ભણાવતા શિક્ષકો અને વિદ્યાર્થીઓ કથાના પાત્રો છે. સમગ્ર કથાડાયરી સ્વરૂપે છે. પશ્ચાતાપ રૂપે લખાયેલી આ ડાયરી તેમના જ વિધ્યાર્થી કિશોર દ્વારા ખૂલે છે. આમ શરૂઆતએ “કિશોરે કાન પરથી રિસીવર હટાવ્યું .તેના સામે પળભર તે જોઈ રહ્યો. પછી તેને ધીમેથી ક્રેડલ પર મૂક્યું.” આ વાક્યથી જ ભાવકના મનમાં એક એષણા જન્મે કે કઈક તો આ કથામાં છે જે રહસ્ય તરીકે છે .આમ કિશોર ફોનના રિસીવર ક્રેડલ પર મૂકીને તે તેને ભણાવેલ શિક્ષક જે વૃદ્ધાઅવસ્થાએ પણ તેને યાદ કરતાં તેમના ઘરે બોલાવે છે અને તેના ઘરે જઈને ખબર અંતર પૂછીને તે ત્યાંથી વિદાય લેતી વેળાએ કિશોરને તે શિક્ષક કિરણ દવે તેને એક ડાયરી સ્વરૂપે પોતાના પસ્તાવા પોતાનાં પ્રિય વિદ્યાર્થીને વાંચવા આપે છે. આમ કિશોર ઘરે આવે છે. અને કિરણ દવે આપેલી ડાયરી વાંચવા માટે વધારે જીજ્ઞાશું બનાવે છે, અને કિશોર આ ડાયરી ખોલીને વાંચવાની શરૂઆત કરે છે. આમ કિશોર એકી બેઠકે આ ડાયરી પૂર્ણ કરે છે, અને સાથે-સાથે ભાવક પણ પોતે આ જીજ્ઞાશું બની એક બેઠકે પૂર્ણ કરે છે. એક જ શાળામાં અભ્યાસ કરાવતા બે શિક્ષકોમાં રોજ-બરોજ બનતી ઘટનાઓ અને સંદર્ભના પંચો એની મેળે ઉગડે છે. જ્યોતીન્દ્ર શાહ અને કિરણ દવેનું ડાયરીમાંથી ઉપસતું વ્યક્તિત્વ ભાવક તેને વારંવાર આવર્તન કરે છે.

કિરણ દવે મહત્વકાંક્ષી હતા. એમના પિતા તનસુખરાય કનૈયાલાલ દવે ગામના અગ્રણી વકીલ હતા. એ પણ પ્રભાવશા ળી હતા અને એમની ઈચ્છા હતી પુત્ર પણ મહત્વકાંક્ષી બનાવવાનો હતો. “પણ ને બણ ! સિદ્ધિ તો મેળવવી પડશે. મારો દીકરો સામાન્ય ન હોવો જોઈએ” (પૃષ્ટ-૨૮) નાનપણથી જ કિરણ દવે “સામાન્ય” માંથી બહાર આવવાના બીજ રોપાયાં હતા.પરંતુ એ છે સરેરાશ માણસએ એની વિધિની વક્રતા પણ કિરણને આ વિધિની વક્રતાને હડશેલી આગળ નીકળવું હતું. નવા-નવા પ્રપંચો રચીને એમની નબળાઈઓ એમની માં, રમતના શિક્ષક, પ્રતિભાશાળી અને સિનિયર શિ ક્ષક હોવાં છતાં

તેમની પાછળ નવા-નવા પેંતરા રચે છે.પ્રવાસનું આયોજન હોય કે સંઘના સભ્ય બનવું ,ટ્યુશન પ્રથા લાવવી ,જ્યોતીન્દ્ર પર વર્ગમાં ખરાબ-ખરાબ શીખવે છે, એવા આરોપ મૂકાવવો .આ બધા કિરણ દવે જ્યોતિન્દ્રની પ્રતિભા સામે નિષ્ફળ જાય છે. “દવે લોકપ્રિય થવા તારી લીટી મોટી કર, બીજી લીટીને નાની કરવા પ્રયત્નો ન કર.તેનાથી કોઈ દિવસ પ્રગતિ થઇ શકતી નથી.લીટી નાની પણ કરી શકાતી નથી. આવો

પ્રયાસ મારા પર ભલે કર્યો પણ અન્ય શિક્ષક પર ના કરતો તે હાર્ડઅટેકથી મરી જશે .દોસ્ત લડાઈ કરવી છે તો બુદ્ધિથી લડ, મજા પડશે ” અને કિરણ દવેનાં શબ્દો જુઓ “ હું મનમાં સમી રહ્યો”

શાળામાં પ્રવેશી અગ્રણી બનવા માટે કિરણ દવેએ ચાર ક્ષેત્રો પસંદ કર્યા. વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય અને ટ્રસ્ટીઓ.વિદ્યાર્થીઓના લાંબા પ્રવાસનું આયોજન કરી પ્રભાવ પાડવાનો પ્રયાસ, પરંતુ ટૂંકા પ્રવાસમાં પણ જ્યોતીન્દ્ર શાહની કુશળતાને કારણે પોતાના પગ સ્થિર રાખવો.જ્યારે લેખકના શબ્દોમાં કહીએ તો કિરણ દવેનું આ “પ્રથમ પંચર” છેલ્લે સુધી ચાલે છે. પછી વિદ્યાર્થીઓને સમજાવવાની રીત, પ્રાર્થનાસભાનો પ્રસંગ,વકતુત્વ સ્પર્ધા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાની આવડત, બધે જ જ્યોતીન્દ્રના પગને દવે ખસેડી શકતા નથી. આ બધુંજ ડાયરી સ્વરૂપે કથાવસ્તુ જોવા મળે છે.

❖ પાત્રાલેખન

કથાસાહિત્યમાં માનવ કેન્દ્રીય કથાઓ હોય છે. તેથી કથાવાર્તા વસ્તુના વાહક તરીકે ચરિત્ર ચિત્રણ પાત્રનું મહત્વ છે. કથામાં નાયક-નાયિકા મુખ્યપાત્ર હોય અને ખલનાયક અન્ય બીજા ગૌણપાત્રોનો સમાવેશ થાય છે. વિવિધ કથાવસ્તુને લઈને તે મુજબનું પાત્રાલેખન થતું હોય છે.પાત્રાલેખન પંચરંગી કે વિવિધરંગી પણ હોય છે.નવલકથાઓમાં વિશાળ પાત્રસૃષ્ટિનો સમાવેશ થતો હોય છે. આમ હરેશભાઈ ધોળકિયા દ્વારા આ નવલિકામાં મુખ્ય પાત્ર અને બીજા બે ગૌણ પાત્ર તરીકે આલેખન કરવામાં આવ્યું છે. બીજા ગૌણ પાત્રોનો પણ ઉતમ આલેખન કર્યું છે. તો જોઈએ પાત્રસૃષ્ટિ..

 જ્યોતીન્દ્ર શાહ

વિશાળ કપાળ વાળો ચહેરો. ઘાટા -કાળા વાળ આંખો પર ચશ્મા નંબર ઓછા હતા. કાચની પાછળ આંખો તગતગતી હતી.આંખોમાં ગાંભીર્ય અને રમુજ બંને ડોકિયા કરતાં હતા. હોઠો પર હળવું સ્મિત,વસ્ત્રો સાદા હતા.કપડાં મેચિંગ ન હતા. કાંડા પર સાદું એટલે કે જૂનું ઘડિયાર બાંધ્યું હતું. તે બધાથી જુદું અદ્દલ વ્યક્તિત્વ દેખાતું હતું. શાંત, સહનશીલતાની મૂર્તિ, અતિવિનમ્ર, વિવેકશીલ આ શાળાના એક સિનિયર અને પ્રભાવશાળી શિ ક્ષક હતા. આમતો તે ભાષાના શિક્ષક હતા. અંગ્રેજી અને સંસ્કૃતના શિક્ષક હતા. પણ બહુ જ પરિણમી વ્યક્તિ હતા.બધાજ વિષયો પર પ્રભુત્વ ધરાવતા હતા. માત્ર ગણિત અને વિજ્ઞાન સિવાય. ઉપરાંત ચિત્ર,સંગીત અને અન્ય વિષયોના પણ જાણકાર હતા. શાળાની પ્રવુતિઓ તેમેનો ખાસ વિષય હતો. લેખન,વકૃત્વ વગેરેમાં વિદ્યાર્થીઓને તૈયાર કરતાં ભયાનક વાચક છે. પુસ્તકો વાંચે છે કે ગળે છે તે સમજાતું નથી .જ્ઞાન કોશ જ છે. તે તેમનો સ્વર મીઠો હતો કે બધાનાં હ્રદય ઝણ-ઝણી ઉઠતાં તે જે સંબોધન કરે તે બધા સાંભળી જ રહે. ખુબ જ પ્રભાવશાળી આવા જ આત્યિક શુદ્ધ ઉચ્ચાર ખૂબ જ સંસ્કારી ભાષા છતાં હળવી પુષ્કળ માહિતી આપે. વિશ્વસાહિત્યમાં ડોકિયું કરાવે અનેક નવી પ્રવુત્તિ આવે તેમનું વૈવિધ્ય બધાને ચકિત કરી નાખે. નવા-નવા વિષયો પર તે જ્યારે માહિતી આપે ત્યારે હોલમાં શાંતિ છવાઈ જતી. અદભૂત એક હજાર કાન સાંભળવા તલપાપડ રહેતા. કોઈ જરા પણ હલનચલન ન કરતું જેથી એક પણ શબ્દ સાંભળવો રહિ ના જાય . શ્વાસે- શ્વાસે થંભી જતાં બધાને સમગ્ર શાળા જ્યોતીન્દ્ર શાહ પર કૃષ્ણની અસર જોવા મળી. તેમની પાસે વાતો કેવળ શિક્ષણ અને સાહિત્યની કેવળ જ્ઞાન જ ડોકિયું કરે તેમના હોઠો વચ્ચેથી પૈસા વિષે કદી ન ઉચ્ચારે, યુનિયન વિશે કદી ન બોલે, ટ્યુશન તો કરતા જ નહીં. રજા કદી લેતા નહીં, કામ-કામ સતત પ્રવૃતિશીલ, તે શિક્ષક ખંડમાં હોય તો શિ ક્ષણ શિવાય કોઈ અન્ય વાત કરવાની કોઈ હિંમતના ચાલે બધાં જ તેનાથી અત્યંત પ્રભાવિત કરે. અલબત તે પોતે ખુબજ પ્રેમા ળ હતા. આમ જોઈએ તો રામાયણમાં જેમ ‘રાજકુમાર અંગદ’ હતો અને રાવણની સભામાં પોતે એક રામની પ્રતિજ્ઞા લઈને પોતાનો પગ સભાવચ્ચે અડીખમ રાખે છે. તેમ આ શિક્ષણની રામાયણ કથામાં પણ “જ્યોતીન્દ્ર શાહ” આ પરિસ્થિતિમાં પોતાનો પગ પણ અડીખમ મૂકે છે અને વિચલિત થતાં નથી. આમ આ પુરાકલ્પન (myth ) સંજ્ઞા પણ જોવા મળે છે.

 કિરણ દવે

વધુ ઊંચાઈ દવે સાહેબ ધરાવતા, વિદ્યાર્થીઓ તેમણે રમુજમાં ‘ટાવર’ કહેતા. ઊંચી, વિશાળ કપાળ અને ચમકતી ટાલ વાળી વ્યક્તિ સફેદ શર્ટ, સફેદ પેન્ટમાં ઇન્સર્ટ કર્યું હોય ત્યારે પ્રભાવશાળી વ્યક્તિત્વ લાગતું. પણ સફેદ શર્ટ સફેદ પેન્ટમાં ઇન્સર્ટ કર્યું હોય ટાઇ લગાવેલી હોય સોનાની ફ્રેમના ચશ્મા પાછળ આંખો તગતગતી હોય બધા તેમનાથી પ્રભાવિત રહેતા. મોટો પહાડી આવા જ વર્ગમાં કે શિક્ષકખંડમાં કે શાળાની લોબીમાં ગુંજી રહેતો.પ્રાર્થના સભામાં તે ફરતા હોય ત્યારે સંપૂર્ણ શાંતિ છવાઈ જતી. કોઈ છોકરાની

હિંમતના ચાલે કે તે અવાજ કરી શકે. ક્યાંક આવાજ કે હલન ચલન દેખી કે ત્રાડ પડે અને બધા થડકી જાય અને ફરી શાંતિ પથરાઈ જાય.દવે સાહેબ ક્યારેક જ પ્રાર્થના સભામાં બોલતા પણ જ્યારે બોલતા ત્યારે હોલમાં તેના પડઘા પડતાં.વિદ્યાર્થીઓ કહેતા કે તેમણે માઇકની જરૂર જ નથી.જો કે તેમણે પ્રવચનોમાં રસ જ ન હતો. કિશોર તેમણે પૂછતો તો તે કહેતા કે જાહેર પ્રવચનોનો કંઈ અર્થ નથી. એ નવરા લોકોનું કામ છે. અગત્યનું છે સિદ્ધિ પ્રાપ્તિનું જેને કશુંજ ના આવડે તે પ્રવચન કરે! આમ કહી હસી પડતા.તેમના પિતા ગામનાં અગ્રણી વકીલ હતા. માટે તે કિરણ દવેને નાનપણથીજ 'મહત્વકાંક્ષા' ના બીજ રોપાયાં "તે દિવસે હું રડતો રડતો આવ્યો ત્યારે તે બેઠા હતા. મને રડવાનું કારણ પૂછ્યું.મેં માર ખાધાની વાત કરી,તે ગુસ્સે થઈ ગયા અને મારા ગાલ પર એક થપ્પર મારી અને મારી મમ્મી પર ગર્જ્યા." આમ આરીતે દવે સાહેબને પોતાના પિતા તરફથી બાળપણમાંથી જ આ રીતે પોતાને સંકુચિતમાં રહેવાનો વારસો મળેલો.મેટ્રિક,કૉલેજ અને શૈક્ષણિક ક્ષેત્રે પણ તેમનો સ્વભાવ "મહત્વકાંક્ષી" જ રહ્યો. અને બીજાનું છીનવી લઈ ને આપણે ખાવું, ઈર્ષ્યા, વેરવૃત્તિ ,અસંસ્કારિક્તા, દેખાડો કરવો ,પોતાની વાસ્તવિકતા છુપાવવા માટે કોઈ પણને હાથો બનાવી પોતાનું કામ કઢાવવું અને પોતાના જ સાથી મિત્રોનું અનિચ્છ વિચારવું આમ જે "સામાન્ય" અને "પ્રતિભાશાળી" વ્યક્તિત્વને આપની સમક્ષ તારી આવે છે. આમ જોઈએ તો લેખક દ્વારા કિરણ દવેનું પાત્ર એ નવલકથામાં એક "સામાન્ય" તરીકે જોવા મળે છે. અને"પ્રતિભાશાળી " તરીકે જ્યોતીન્દ્ર શાહને બાધારૂપ બનવા માટે કિરણ દવેનું પાત્રએ નવલકથામાં અવરોધ તરીકે ભૂમિકા ભજવે છે.

- ડૉ. કિશોર

"એનું નામ કિશોર. આજે તો તે સારો ડોક્ટર છે. નિષ્ણાંત છે. શહેરનો અગ્રણી ગણાય છે." ડી.એન.મિશ્રા સ્કૂલના શિક્ષકો જ્યોતીન્દ્ર શાહ અને કિરણ દવે બંનેનો પ્રિય વિદ્યાર્થી છે. જે હવે ડૉક્ટર બની ગયો છે. ડૉ. કિશોર શાળામાં ભણતો હતો ત્યારથી જ બંને શિક્ષકોને શાળા છોડયા પછી પણ સંબંધો જળવાઈ રહ્યા છે. અને આ નવલકથા ડાયરી સ્વરૂપે હોઈ તો તેનો ઉગાડ આ પાત્ર (કિશોર) દ્વારા કરવામાં આવે છે. આ પણ મહત્વનું છે કે બંને શિક્ષકો દ્વારા તેનું ઘડતર કરવામાં આવે છે. એકના પ્રભાવશાળી ગુણ અને મહત્વાકાંક્ષીના મિશ્રણનું પરિણામ એટલે ડૉ.કિશોર.શાહ સાહેબના ઘરે બોલાવી વિશ્વમાં ડોકિયું કરવાતા ,પ્રાર્થનામાં પણ તેને ઊભો કરીને બોલાવડાવે અને નવી-નવી રજૂઆત કરવા નું કહે, શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવાં માટે તેને તૈયાર કરતાં બધા તેનું ધ્યાન રાખતાં તેનું ઉજ્જવળ ભવિષ્ય જોતાં અને તેને અમારો કઈ રીતે કરવો તેની ખાસ કાળજી રાખતા. એ બાળપણમાં બીમાર હતો અને તે સમયે શાહ સાહેબતો તેની ખબર જોવાં ગયા પણ તેને સામાન્ય લાગ્યું પણ દવે સાહેબ ગયા તો તે ગળગળો થઈ ગયો. પણ દવે સાહેબ એ સમયે પોતાનો કરવાં માટે ગયેલાં. અને કિશોર આ સમયમાં પરીક્ષાની ચિંતા કરતો હતો. પણ દવે સાહેબ અને શાહ સાહેબે તેને આશ્વાસન આપેલું અને ગણિત અને વિજ્ઞાનમાં સારાં માર્ક્સથી પાસ થયેલો. પછી તે દસમાં ધોરણમાં આવ્યો અને તે પહેલા તે શાહ સાહેબના હાથે ભણતો અને તે દવે સાહેબના ઘરે ટ્યુશન પણ જતો હતો . આમ કિશોરની ફી દવે સાહેબ લેતાં ન હતા.અને આમ દવે સાહેબએ ઈર્ષ્યા સંદર્ભે એકબીજાની વાતો જાણવામાં કિશોરનો ઉપયોગ પણ થતો હતો. આમ દવે અને શાહ બંનેના ઘરો વિષે પણ જાણતો હતો .એ વૈભવી ઘર અને બીજું વડીલો પાર્જિત હતું. તેને ખૂબ અનુભવ હતો .લેખક દ્વારા આ પાત્રને પસ્તાવા રૂપી ડાયરી વાંચવા પ્રેરીને અને તેની રચના કરી તે કિશોર આ કથાને રહસ્યમાંથી બહાર લાવી આપની સામે બંને શિક્ષકોની વાસ્તવિકનું દર્શન કરાવે છે.

- ❖ વર્ણન કળા

સામાન્ય રીતે જોઈએ લલિત કલાના ૬ (છ)પ્રકારો છે. (૧) સ્થાપત્ય (૨) શિલ્પ (૩) ચિત્ર (૪) નૃત્ય (૫) સંગીત (૬) સાહિત્ય અને આમ કલાઓને 'Performing Arts" અને ગુજરાતીમાં "અભિવ્યક્તિની કલાઓ" કહેવામાં આવે છે. આ દરેક કલામાં વર્ણન કરવામાં આવે છે. અને સાહિત્યના સ્વરૂપોમાં વર્ણન ન હોય તો "ઘી વિના મોળો કંસાર જેવુ લાગે" અને અને માટે જ આ નવલકથામાં જોઈએ તો હરેશભાઈ ધોળકિયાએ વર્ણન પણ ઉત્તમ રીતે નવલકથાને અનુરૂપ મૂક્યું છે. તો જોઈએ "અંગદનો પગ" નવલકથામાં વર્ણન કળા.

- ❖ પરિવેશનું વર્ણન

"આકાશમાંથી ગાઢ અંધકાર વરસતો હતો.અમાસની રાત હોવાથી અંધકાર ગાઢ હતો. તારલિયાટમટમતા હતા. પૂર્વમાં વ્યાધનો ઉદય થતો હતો. થોડે ઉપર પશ્ચિમમાં મૃગશીર્ષના ખાટલા જેવા

ચાર તારા અને વચ્ચેના ત્રણ તારા ઝળુંબતા હતા. વાતાવરણમાં શિયાળાની ગુલાબી ઠંડી હતી. તે બારીપાસે આવ્યો અને નીચે નજર નાખી. ત્રીજે માળેથી નીચેનું શહેર વિશાળ દેખાતું હતું. રસ્તા પરની નિયૉન લાઇટો સ્થિરતાથી રૂપેરી પ્રકાશ પાથરતી હતી. સામે થિયેટર હતું. હમણાં જશો છૂટ્યો હોય તેવું લાગતું હતું. માણસોની પુષ્કળ ભીડ થિયેટરમાંથી બહાર ઠલવાતી હતી. તેટલી જ બીજી ભીડ આગળના બંધ દરવાજા પાસે મધમાખીઓની માફક ખીચોખીચ ઊભી હતી અને અંદર જવા આતુર હતી. દરવાજા પર ઝળહળતા અક્ષરો 'શોલે' તેને સ્પષ્ટ દેખાયા. અમિતાભ, ધર્મેન્દ્ર , સંજીવકુમાર, હેમા માલિનીનાફોટા વાતાવરણને રંગીન બનાવતા હતા. નીચે વાતાવરણ ધમધમતું હશે, પણ ઉપર તો માત્ર આછો તેનો ગણગણાટ સંભળા તો હતો. રસ્તા પરથી મોટરોનો આછો – પાતળો પ્રવાહ લિસોટાની માફક ચાલ્યો જતો હતો."

આ શરૂઆતનું દૃશ્ય પૂરું થયાં પછી અંતે લેખકે આ દ્રશ્ય બદલાતા સમયની વાત કરી છે." કિશોરે આંખ ચોળી સૂરજ સામે જોયું. તે ધીમે ધીમે ઢળવા લાગ્યો હતો. તેનાં કિરણો ત્રાંસાં પડવાથી તેનો પ્રકાશ અને પ્રભાવ બંને ઘટતાં જતાં હતાં. દરેક વસ્તુના લાંબા પડછાયા પડતા હતા. બપોરની ગરમીનું સ્થાન હવે શીતળતાએ લીધું હતું. વાતાવરણમાં શાંતિ છવાયેલી હતી. તેણે બારી બહાર જોયું ."શોલે" ફિલ્મનું બોર્ડ ઊતરી ગયું હતું.તેની જગ્યાએ ડૂબતી સ્ટીમરવાળું અંગ્રેજી પોસ્ટર ધરાવતું નવું બોર્ડ લાગી ગયું હતું - "ટાઇટેનિક" ! આમ આ વર્ણન પણ પ્રતીકાત્મક રીતે ઉપસી આવે છે. અને આપણને આગળની ઘટનાનું એક ચિતાર આ રીતે જોતા મેળવે છે.

.

❖ શાહ સાહેબના ઘરનું વર્ણન

"કિશોરને શાહ સાહેબનું ઘર યાદ આવી ગયું. વડીલોપાર્જિત જૂનું ઘર હતું તેમનું ઘર ભાગ્યે જ રીપેર કરાવતા. મોટા ભાગની આવક ઘરખર્ચમાં જતી. બચતી તેમાંથી તે પુસ્તકો ખરીદતા. તેમની બચત નહીંવત્ હતી.પણ તે મસ્ત ફકીર હતા. નવરા પડે ત્યારે વાંચ્યા કરે કે હાર્મો નિ યમ પર ગાયા કરે. તેમને ભાગ્યે જ કોઈ દુ:ખી જોતું. પત્નીનાં મૃત્યુ પછી કિશોર ઘર ગયેલો ત્યારે આરામ ખુરશી પર તેને વાંચતા જોયેલા. તે બેઠો કે તરત શાહ સાહેબે તેનો હાથ પકડી કહેલું , ' કિશોર, તેં આ પુસ્તક વાંચ્યું ?"
કિશોરે તેના પર નજર નાખેલી . બોનોસ્કીનું "એસેન્ટ ઑફ મેન" હતું."

❖ દવે સાહેબનાં ઘરનું વર્ણન

"કિશોરે બૂટ ઉતારી અંદર પ્રવેશ કર્યો. વિશાળ રૂમ હતો. ફર્નિચરથી સંપૂર્ણ રીતે સજ્જ હતો. દીવાલ પર વિવિધ ચિત્રો લટકતાં હતાં. રેડિયો ટી.વી. વગેરે પણ સરસ રીતે ગોઠવેલ હતાં. કિશોર તે તરફ નજર ફેંક્યા વિના સામેના બારણા માંથી બાજુના રૂમમાં દાખલ થયો." શાહ સાહેબ અને દવે સાહેબ બંનેના "આત્મામાં રહેલી શુદ્ધતા" આપણને જોવા મળે છે.

❖ દવે સાહેબની મન:સ્થિતિ શાહ સાહેબની સ્થિતિનું વર્ણન

આજે મને હસવું આવે છે. જ્યોતીન્દ્ર કંઈ યોદ્ધો ન હતો , કે તેને જીતવા - હારવામાં રસ હોય. જ્યોતીન્દ્ર શુદ્ધ તત્ત્વજ્ઞાની હતો. તેને તો બસ "જીવન" વિ શે જાણવામાં અને જીવવામાં રસ હતો. પ્રાર્થનાસભામાં "મોટીવેશન પ્રેરણા "ની ખૂબ વાતો કરે, પણ સાથે કુદરતની ભવ્યતા, જીવનની ભવ્યતા , ક્ષણેક્ષણનું માધુર્ય- એવી, પણ કંઈક વાતો કરતો. કોઈ વાર કૃષ્ણમૂર્તિ ટાંકે કે ' પળે પળ જાગૃત રહો. તાર પર બેઠેલ પક્ષીના સૌંદર્યને પીવો. હવામાં ઝૂલતાં પુષ્પને નિ હાળો .જ્યોતીન્દ્રની, આજે મને વિચાર આવે છે, કેવળ આંખો જ સ્થિર ન હતી, તે સમગ્ર રીતે સ્થિર હતો. પ્રાર્થનાસભામાં તે બેઠો હોય, જાણે પથ્થરની મૂર્તિ પ્રાર્થના ગવાતી હોય ત્યારે તે પરમ સ્થિરતા,બેસતો. તેની આંખો બંધ જ હોય. વિદ્યાર્થીઓ આભા થઈ તેને જોતા. તેના પ્રભાવે બધા શાંત થઈ બેસતા.અરે ! પ્રાર્થના પૂરી થાય ત્યારે એકાદ- બે મિનિટ તે શાંત બેસતો. બધા ખુલ્લી આંખે તેની આ અચળતા જોઈ રહેતા. ત્યારે કોઈની તાકાત ન હતી, કે અવાજ કરે યા હલનચલન કરે . તે જ્યારે "રિલેક્સ" થતો અને આંખ ઉઘાડતો , ત્યારે બધા આદરભાવથી તેની સામે જોઈ રહેતા. તેની આંખોમાં એક પ્રકારનું વિચિત્ર પ્રકારનું અપાર્થિવપણું હતું . સર્વત્ર જોવા છતાં ક્યાંય ન જોતી હોય તેવું લાગતું . એટલે જ્યારે ક્યાંક કે કોઈ પર તે આંખ સ્થિર કરતો તો જાણે તેમાંથી લેસરનાં કિરણો પ્રગટતાં હોય અને સામી વ્યક્તિને વીંધી નાખતાં હોય એવું અનુભવાતું.

❖ કિશોરની મન: સ્થિતિનું વર્ણન

કિશોર અંદરને અંદર અકળાતો હતો. હવે તેને આગળ એક શબ્દ પણ વાંચવો ગમતો ન હતો. તેને પળે પળે દવે સાહેબ તરફ સન્માન ઘટવાનો ભય લાગતો હતો. જેમના પ્રત્યે વર્ષોથી માન રાખ્યું હોય જેમના દ્વારા તેની કારકિર્દી ઘડાઈ હોય, તે અત્યંત આદરણીય હોય. તેના પ્રત્યે આદર ઘટે તે યોગ્ય નહીં. પણ હવે તેનાથી સહન થતું ન હતું .સામાન્ય સંદર્ભમાં દવે સાહેબ સામાન્ય હોત, તો તેને વાંધો ન હતો. તો તે માનવસહજ માનત. પણ આ સામાન્યતા, ખટપટ,શાહ સાહેબ સામે ફરી તે વાંધો હતો. અરે ! શાહ સાહેબ

ભલે પ્રતિભાશાળી હતાં, છતાં સાખટપટિયા હોત તો પણ દવે સાહેબનાં કૃત્યો યોગ્ય લાગત. બન્ને સમ લડે તે યોગ્ય ગણી શકાય. હરીફાઈનો એક ભાગ ગણી શકાય.આનંદએ વાતનો છે કે હરેશભાઈ ધોળકિયા દ્વારા વર્ણન દરેક પાત્ર માટે ઉતમ રીતે કરવામાં આવ્યું છે. આમ તો શૈક્ષણિક નવલકથામાં પરીસરનું વાતાવરણ અને વર્ગખંડ, સ્ટાફરૂમ અને આચાર્યની ઓફિસ આ બધાનું વર્ણન કરવામાં આવ્યું છે.

- ભાષાશૈલી (૧.બોલીનો વિનિયોગ. ૨.સંવાદ કળા.)

કથાસાહિત્યમાં ભાષાશૈલી નોંધપાત્ર લક્ષણ છે. કથાસાહિત્યના વિવિધ સ્વરૂપોમાં સર્જનાત્મક ગદ્યનો ઉપયોગ થતો હોય છે. કથાસાહિત્યની ભાષાશૈલીમાં વિષયાનુરૂપ વાસ્તવિકતા, રંગદર્શિતા,પ્રશિષ્ટતા,પ્રાસાદિકતા, ને પ્રવાહિતા જેવા શૈલી ગુણો હોવા આવશ્યક લેખક દ્વારા લેખે છે. આમ જોઈએ તો લેખક એ શૈક્ષણિક નવલ કથાની ભાષામાં ગુજરાતી અને અંગ્રેજી વાક્યોનો વિનિયોગ જોવા મળે છે. તો જોઈએ ભાષા શૈલી.

૧.બોલીનો વિનિયોગ

અંગ્રેજી સંવાદ અને શબ્દો :- Being, Will Power, Spark, Wiriness, Something Is Missing, Confessions, Average, Showmanship, Grace, I Won`t Train Him. It Will Be My Privilege, Minimum Necessary Evil, Atlas Shrugged,Fountainhead, Second Rater, Fast Rater.

૨.સંવાદકળા

કથાસાહિત્યમાં કથોપકથન પણ મહત્વનું લક્ષણ ગણાય છે. સંવાદકળા ને કથોપકથન, ઉક્તિ કે સંવાદ નાટક કે નવલકથાનો આત્મા છે. પરંતુ કથાસાહિત્યમાં પણ કથોપકથન કથાસર્જકો ઉપયોગમાં લેતા હોય છે. જેના દ્વારા નાટ્યાત્મકતા સિદ્ધ થાય છે. નવલકથા, નવલિકા, લઘુકથા, લઘુનવલ વગેરે કથાસ્વરૂપોમાં કથોપકથનનું મહત્વ રહ્યું છે. કથાને અનુરૂપ પાત્રો અને ઉક્તિ અને સંવાદો રજૂ થાય છે. આમ આ કથામાં પણ જુદી-જુદી રીતે સંવાદો જોવા મળે છે.

પિતા ઉશ્કેરાટમાં માને બોલતા તે સંવાદ:-

‘તમે નકામા ઉકેરાવ છો. તેને વઢવો વ્યર્થ છે.’

‘કેમ?'

‘તે આવું જ પરિણામ લાવશે – હમેશાં’

‘શું ?’ પિતાએ ભૃકુટિ પડાવીને પૂછ્યું.

‘હા, આવું જ.'

‘પણ શા માટે ?’

‘તમને તમારા સુપુત્ર માટે વધારે પડતો અભિપ્રાય છે.’

‘કેમ ?’

‘બસ.’

‘તો કેવો હોવો જોઈએ ?’

‘મધ્યમ…સામાન્ય’

‘એમ કેમ કહે છે ?’

‘તમારી મહત્ત્વાકાંક્ષા પૂરી કરી શકે તેવી ક્ષમતા તેનામાં છે જ નહીં’

‘એટલે?’

‘એટલે કે તે સામાન્ય બુદ્ધિ ધરાવે છે. એક એવરેજ છોકરો છે.’

હું તો ખળભળી ગયો હતો આ સાંભળીને દોડીને મારા ખંડમાં ચાલ્યો ગયો હતો.મારી મા મને ઓળખી ગઈ હતી. મારી નબળાઈ જાહેર થઇ ગઈ હતી. (પૃ-૩૩)

કિરણ દવેનું શાહ સાહેબને પ્રવાસ સાથેનું ષડયંત્ર:-

બીજા સત્રમાં મિટિંગ ભરાઈ. ઓઝા સાહેબે પ્રવાસની વાત ઉપાડી. પ્રવાસ બધાનો ગમતો વિષય. ચર્ચા જામી, શાળામાં દર વર્ષે નજીકનાં સ્થળો એ પ્રવાસ થાય.

ચર્ચા ચાલતી હતી ત્યાં મેં કહ્યું,

‘સર , હું બોલી શકું ? '

- ‘અવશ્ય,' ઓઝા સાહેબે જવાબ આપ્યો .

‘સર , દૂરનો પ્રવાસ ન થઈ શકે ?
બધા મને જોઈ રહ્યા.
થોડી વાર શાંતિ રહી.
“તમારો મુદ્દો સમજાવશો ? 'ઓઝા સાહેબ બોલ્યા.
સર, રાજસ્થાન, દિલ્હી વગેરે સ્થળોની મુલાકાત લઈ ન શકાય ?
વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો. 'આટલે દૂર ?’ ઓઝા સાહેબે કહ્યું .
‘સર , શક્ય નથી ? ”
જ્યોતીન્દ્ર કહ્યું , ‘ ભાઈ દવે , શક્ય છે.પણ મોટા ભાગના વિદ્યાર્થીઓને તે આર્થિક રીતે ન પોષાય .
માટે તો નજીકનાં સ્થળોએ કરીએ છીએ.” (પૃ-૫૧)

પ્રવાસમાં ગરીબ અને અમીરનો ભેદ પડાવતા કિરણ દવેના સંવાદ.
‘ઓઝા સાહેબ, આપણે આ ખતરનાક પ્રયોગ કરશું, હો !' જ્યોતીન્દ્ર પ્રયોગ માત્ર ખતરનાક જ હોય.' મેં કહ્યું.
બધા હસી પડ્યા.

વેલ, કરી જુઓ પ્રયોગ.' જ્યોતીન્દ્ર બોલ્યો.
ઓઝા સાહેબ બોલ્યા, ‘આ દવેને જ સોંપો આ કાર્ય. તે જો એક બસ જેટલા વિદ્યાર્થીઓ કરી શકે તો તે પ્રવાસ કરી જોવો. બધા સંમત થયા.
મેં પ્રથમ સ્કોર કર્યો.
સ્ટાફ મિટિંગ પૂરી થયા પછી બધા શિક્ષકો મને ઘેરી વળ્યા અ અભિનંદન આપ્યાં. હું મનમાં ખુશ થયો.
જ્યોતીન્દ્રની ઉપરવટ ગયો તેથી.
જ્યોતીન્દ્ર તો તટસ્થ રહ્યો.
હું તેની પાસે ગયો, શાહ સાહેબ, નારાજ તો નથી થયા ને ? જ્યોતીન્દ્ર મારી સામે જોયું, “હું શા માટે નારાજ થાઉં ? હું તો વિદ્યાર્થીઓના મનમાં પૈસાના આધારે ભાગલા ન પડે તે વિચારું. ગરીબને તેની ગરીબી વાગવી ન જોઈએ તે મારો મત. માટે ન કરું, ન કરવા કહ્યું. માટે મેં ‘ખતરનાક’ શબ્દ વાપર્યો.' પછી હસીને કહે, પણ તું યુવાન કરી જો પ્રયોગ. સફળ થાય તો અવશ્ય કરવો.'
(પૃષ્ટ-૫૩)

શાહ સાહેબ કિશોર વચ્ચેનો સંવાદ
પણ સર, કેટલો સમય ?”
ઓછામાં ઓછો અર્ધો કલાક. તેવું જ રાત્રે સૂવા સમયે.’ બાપ રે, અર્ધો કલાક સ્થિર બેસાય કેમ ?’
બેસાશે. પ્રયાસ કરવો. અસ્થિરતા આવે તો પણ ન ઊઠવું.’
‘શક્ય છે ?”
‘કઠિન છે, પણ અશક્ય નથી. ટ્રાય ઈટ.'
“સર, તમે ધ્યાન કરો છો ?”
શાહ સાહેબે હસીને હા પાડી હતી.
‘સર, તમારા અનુભવો ?’
આહા ! આજે તું સૉક્રેટીસ થઈને આવ્યો લાગે છે. આટલા બધા
પ્રશ્નો ન કરવા. તારા દવે સાહેબ ગુસ્સે થશે. પ્રેક્ટીકલ થા, બેટા !' કિશોર અને તે બન્ને હસી પડેલા. શાહ સાહેબે દવે સાહેબની આબેહૂબ નકલ કરેલી.

દવે સાહેબનું ટ્રસ્ટીઓ સામે હળતાળ
જ્યોતીન્દ્ર આગળ બોલ્યો, ટ્રસ્ટીઓને પણ આપણે જાણ કરીએ, કે આપણો હડતાળ તથા શિક્ષકોને ટેકો છે.
પણ શાળા ચાલુ છે. એટલે અભ્યાસ નહીં બગડે.’
‘શાહ સાહેબ, તમે સહી કરશો ?’ મેં બમ્પર બોલ ફેંક્યો. ‘અવશ્ય કરીશ.’
બધા ફરી સ્તબ્ધ થઈ ગયા.
પણ શાહ સાહેબ, તમે તો સભ્ય નથી.’ ઓઝા સાહેબે કહ્યું. ‘હા, નથી. થવાનો પણ નથી. પણ ક્યાંયે અન્યાય થતો હશે તો ટેકો આપવામાં મને વાંધો નથી, ગૌરવ છે.’

હું માની ન શક્યો. કેવો વિચિત્ર છે જ્યોતીન્દ્ર ! સભ્ય નથી થવું, ટેકો આપવો છે. દહીં-દૂધમાં પગ ?

દવે સાહેબનો શાહ સાહેબ વચ્ચે સંવાદ
જ્યોતીન્દ્ર ઊભો રહી ગયો. ફરી એ સ્થિર આંખો મારી સામે રાખી બોલ્યો, 'હું વિદ્યાનો વેપાર નથી કરતો, વે. રાહ પણ તમારા ઘેર વિદ્યાર્થીઓ તો આવે જ છે.'

દવે, તું જાણે છે, કે હું મોજ ખાતર બોલાવું છું. માત્ર હોશિયારને જ બોલાવું છું. અથવા થોડા નબળાને. અને કશી ફી લેતો નથી.' તેનો કડક અવાજ સાંભળી હું મૂંઝાયો.

અચાનક તે હસી પડ્યો, દવે, મારા નસીબમાં પૈસા છે જ નહીં. એટલે માગું તો પણ પૈસા આપે જ નહીં આ વિદ્યાર્થીઓ.' હું હળવો થઈ ગયો.

પછી તે બોલ્યો, 'તને શુભેચ્છા જ આપું.

જીવનને કઈ રીતે જીવવું તે શીખવાડતા શાહ સાહેબના સંવાદ
બેટા,' જ્યોતીન્દ્ર આગળ કહેતો, 'જીવન બધા કરતાં મોટું છે. જીવન સર્વાંગી છે. જીવન ખૂબ સર્જનાત્મક હોવું જોઈએ. માત્ર પૈસા કમાવા કે ઘર બંધાવવું તેવા નાના હેતુ ન હોવા જોઈએ. તે બધું ભલે હોય, પણ જીવન તો કળા, સંગીત, સૌંદર્ય, આનંદથી ભરપૂર હોવું જોઈએ.' 'તે કેમ થવાય ?'

'કળા, સંગીત શિખાય, તાલીમ લેવાય. સૌંદર્ય પ્રથમ દૃષ્ટિએ વાંચી, વિચારી અવલોકી જોઈ શકાય, અને આનંદ તો પોતામાં ડૂબકી મારીને જ મેળવી શકાય.'
પોતામાં ડૂબકી મારવી એટલે શું ?' બેટા, તે માટે તું નાનો છે. બસ ! અત્યારે આટલું યાદ રાખ કે આનંદ પોતામાં છે, તેના આગળ બધું ગૌણ છે.' હું પણ આ વાતો સાંભળી પ્રભાવિત થતો, પણ જાગૃત રહેતો કે આવા વ્યર્થ વિચારોમાં ન ફસાઉં.
આવી તો ઘણી વાતો કિશોર પાસે સાંભળવા મળતી. જીવનની વિવિધ છટાઓ, વિવિધ ભાષાઓનું સાહિત્ય, વિવિધ કળાઓ, વિશ્વનું જ્ઞાનજ્યોતીન્દ્ર ભરપૂર હતો આ બધાથી.
ત્યારે તો માત્ર પ્રભાવિત થવાતું.(પૃ.૧૧૪)

પોતાની વાતો સહજ સ્વભાવે કરતાં શાહ સાહેબ અને શિક્ષણ પણ સહજતાથી
ગંભીરતાથી તે બોલેલા, 'તારો શું વિચાર છે ?'
કિશોરે તે કહ્યો.
તરત તે બોલેલા પણ બેટા, શારીરિક, આવેગો તપાસ્યા ?'
છે. સર સરસ છે. પણ એક માણસ બે શેઠની સેવા ન કરી શકે તમે જ કહેલું ને. સેવા-સંશોધન મારા છે.' મુખ્ય છે.
પાછળથી એકલતા નહીં લાગે ?
"ખબર નથી, સર. પણ ભવિષ્યની ચિંતામાં હું વર્તમાન કાં બગાડું ?' પણ પાછળથી હેતુ સિદ્ધ થાય અને સ્ત્રી યાદ આવશે તો ?' તો સર, પરણી લઈશ. પણ અત્યારે તો તેને અન્યાય જ કરીશ. અત્યારે તો હું વર્કોહોલિક છું.'
' ડાહ્યો છે, બેટા. તો પછી અત્યારે ટાળ અને ભવિષ્ય માટે ખુલ્લું મન રાખ,
તેને યાદ આવ્યું કે પોતે અચાનક પૂછી બેઠેલો, 'સર, તમે શા માટે
તેનો જવાબ મેં તમારા વર્ગમાં આપ્યો છે. માની ઇચ્છાને વશ થઈને.' નો સેક્સ, સર ?'
'અલ્યા, તું મને નપુંસક માને છે ?'
કિશોર હસી પડેલો. તે પણ.
બેટા, સેક્સ તેની જગ્યાએ હતો જ (પૃ.૧૨૩)

વિદ્યાર્થીઓને ચકસતા શાહ સાહેબ
પછી કોઈ સંદર્ભમાં તેમણે એક દૃશ્યનું અર્થઘટન પૂછ્યું,
એક વિદ્યાર્થીને ઊભો કર્યો.

તે શાંત ઊભો રહ્યો.
શાહ સાહેબે ફરી તેને પૂછ્યું, તે મૂંગો રહ્યો. તેં ફિલ્મ નથી જોઈ, બેટા ?' શાહ સાહેબે પૂછ્યું તેણે હકારમાં ડોકું હલાવ્યું.
'તો જવાબ કેમ નથી આપતો ?' તે ફરી મૂંગો રહ્યો.
'કેમ, આજ મૌનવ્રત છે તારું ?' શાહ સાહેબે ટીખળ કરી તેણે નકારમાં માથું ધુણાવ્યું.
'તો ?'
'સર,' પેલો ખચકાતાં બોલ્યો, પરીક્ષા નજીક છે. અમને ભણાવીને
વાતોમાં સમય બગડે છે.' આખો વર્ગ તો સ્તબ્ધ થઈ ગયો, આ જવાબ સાંભળીને શાહ સાહેબ પણ થોડી ક્ષણો તેને જોઈ રહ્યા. પછી બોલ્યા, 'ઓહો ! આવો ઉત્તમ વિદ્યાર્થી વર્ગમાં છે તેનો મને
ખ્યાલ નહીં.' (પૃ.૧૨૮ )

ફિલસૂફીની વાત સહજ રીતે સમજાવતા શાહ સાહેબના સંવાદ
સર, ઈશ્વરને ન માનીએ તો નાસ્તિક અને અધાર્મિક ગણાઈએ ?' કોઈ પૂછતું. તે અંધશ્રદ્ધા છે.
જરા પણ નહીં. વિચાર્યા વિના માનવું 'સર, તો પછી શ્રદ્ધા કોને કહેવાય ?"
(પ્રયોગ કરી અનુભૂતિ થાય ત્યાર પછી શ્રદ્ધા જન્મે. શ્રદ્ધાને હોવો જોઈએ.'
અનુભૂતિનો ટેકો 'સર.' પોતે તેને પૂછતો, 'અનુભૂતિ કરવા માટે પણ પહેલાં તો ઈશ્વર છે તેવી શ્રદ્ધા તો હોવી જોઈએ ને ?'
'શાબાશ, કિશોર,' શાહ સાહેબ તેને થાબડતાં કહેતા, 'તું સાચો વિજ્ઞાની છો. પણ દોસ્તો, શરૂઆત નથી શ્રદ્ધાથી કરવાની, નથી અશ્રદ્ધાથી કરવાની; તે તો જિજ્ઞાસાથી કરવાની છે.'
'એટલે સર ?'
પ્રથમ વિચારો કે કહેવાય છે કે ઈશ્વર છે. તો હું જાણવા માગું કે તે છે કે નહીં. તે માટે પ્રયોગો કરીશ અને શોધીશ.'
'સર, તેના પ્રયોગો કેમ કરાય ?'
જેમ વિજ્ઞાનની પદ્ધતિ છે, તેમ તેની પણ પદ્ધતિ છે. તેને યોગ' કરે છે.'
તેમાં શું કરવાનું હોય, સર ?'
તેનાં આઠ પગથિયાં છે. તેનું પાલન કરાતું. ક્રમશઃ આગળ વધવાનું. તેનાં પરિણામો તપાસતાં જવાં.'
'પણ સર,' એક રૂઢિચુસ્ત કુટુંબમાંથી આવત વિદ્યાર્થીએ પૂછ્યું, 'અમારા સાધુ મહારાજ કહે છે, કે ધર્મ ગૂઢ છે.'
તે હસીને કહેતો, 'ના બેટા, કશું ગૂઢ નથી. પદ્ધતિ તદ્દન વૈજ્ઞાનિક છે. પ્રયોગશાળા જેવી જ. તેમાં ચોક્કસતા છે. તેનાં કર્યાં કર્યાં પરિણામો આવશે તેની પણ નોંધ છે.' (પૃ.૧૨૦)

- કૃતિનો ભાષાકીય અભ્યાસ, :- અંલકાર, કહેવતો, રૂઢિપ્રયોગ

❖ અલંકાર

સામાન્ય રીતે જોઈએતો કોઈપણ કથાસાહિત્યને સૌંદર્ય અને રમણીય બનાવવા માટે અલંકાર, કહેવત અને રૂઢિપ્રયોગની જરૂર પડે છે.એ ભાવકને તેની જિજ્ઞાશાને ઝકડી રાખે છે .આમ આ નવલકથામાં પણ જોવા મળે છે તો જોઈએ અલંકાર.ગુજરાતી ભાષામાં વ્યાકરણનું મહત્વનું એક અંગ એટલે અલંકાર. સાહિત્ય કૃતિની શોભામાં અને પ્રભાવમાં વધારો કરે તેવા ભાષાકિય તત્વો ને અલંકાર કહેવામાં આવે છે.

- ❖ બંધ દરવા જા પાસે મધમાખીઓની માફક ખીચોખીચ ભીડ ઊભી હતી" :- ઉપમા અલંકાર
- ❖ મો ટરોનો આછો પાતળો પ્રવાહ લીસોટની માફક ચાલ્યો હતો" :- ઉપમા અલંકાર
- ❖ કિશોરની આંખોપાર્થિવ બની ગઈ વર્તમાન કાળને ચીરી ભૂતકાળનાં પ્રાંગણમાં પહોંચી ગઈ: સજીવારોપણ અલંકાર
- ❖ સમય મળે કે કુધરત નિખરે:- રૂપક અલંકાર
- ❖ આકાશને આંખમાં ભરો, સમુદ્રને શ્વાસમાં લો, પર્વતોનો પરિચય છે.:- અતિ શયયોક્તિ અલંકાર
- ❖ સિધ્ધિ ધ્રુવ તારા જેવી હોય છે.:- ઉપમા અલંકાર

- ❖ આસું ભરેલી આંખોમાં સ્મિત પથરાઈ જવું :-રૂપક અલંકાર
- ❖ તેની આંખો વિધ્યુતની જેમ ચમકી ઉઠતી :- ઉપમા અલંકાર
- ❖ શિક્ષકોને પાંચ મિનિટ પણએ તાસ જેવડી લાગતી:-ઉપમા અલંકાર
- ❖ શાહ સાહેબની નાયગ્રાના ધોધ જેવી વાણી જ યાદ રહી હતી :-ઉપમા અલંકાર
- ❖ વાહ,જુઓ કેવો સફળ ગયો આ પ્રયોગ મને પણ શીખવા મળ્યું :- વ્યાજસ્તુતિ અલંકાર
- ❖ વાતાવરણમાં હજી અંધકારનું મૌન જ હતું.:- રૂપક અલંકાર
- ❖ ક્યારેક ગણવેશમાં શિથિલતા દેખાતી.:- સજીવારોપણ અલંકાર
- ❖ દવે તો તેમનું પ્યાદું બની ગયા:- વ્યાજસ્તુતિ અલંકાર
- ❖ જાણે સુર્ય સાથે પ્રકાશ હોય તેમ:- ઉત્પેક્ષા અલંકાર
- ❖ સિંહ અચાનક ઉંદરમાં ફેરવાયો :- વ્યાજસ્તુતિ અલંકાર

કહેવતો

લોકસાહિત્ય કલ્પવૃક્ષ સમુ છે. તેની નીચે બેસો અને જેમા ગોતે મળે. સંસારની વ્યવહાર પટુતા અને સામાન્ય બુદ્ધિનું જ્ઞાન આપણને લોકવાર્તા, દંતકથા, વાકપટુતા માટે વપરાતી કહેવતો-રૂઢિપ્રયોગો વગેરેમાંથી પ્રાપ્ત થાય છે. માનવ સ્વભાવ અને તેમની બુદ્ધિકુશળતાને માપવા માટે કહેવતોનો ઉપયોગ ખૂબ જ પ્રચલિત છે. કહેવતો માનવીના કોઠાસૂઝમાંથી ઉપસેલા મોતીના દાણા જેવી છે. પ્રજાના અનુભવોનો નીચોડ કહેવતોમાં રહેલો છે. કહેવતોમાં પ્રજાનું શાણપણ અને ડહાપણવ્યક્ત થતું જોવા મળે છે.આમ કહેવતોમાં માનવના અનુભવો અને અવલોકનની અનેક શાખાઓ સમા વિષ્ટ છે. આથી જ "કહેવતએ લોકોની પેઢી દર પેઢીનો વારસો છે."એમ કહેવાય છે.કહેવતથી ભાષા પ્રભાવક, અસરકારક અને ચોટદાર બને છે.કહેવત લોકબોલીનું સૌંદર્ય વધારે છેને ભાષાને સમૃદ્ધ કરેછે." જેટલું લોક બોલીમાં કહેવતોનું મહત્વ છે. તેટલું સાહિત્યમાં પણ છે. સાહિત્યની ભાષામાં કહેવતોથી વાક્યો આલંકારિક બને છે. જેમ અલંકાર વિનાની સ્ત્રી શોભતી નથી તેમ ભાષા પણ અલંકાર વિના શોભતી નથી. કહેવતો દર્શાવવાથી ઓછા લખાણમાં વધુ કહેવાની તાકાત ભાષાને મળે છે.પ્રસંગને અનુરૂપ સચોટ અને સબળ દૃષ્ટાંતપૂર્તિ માટે કહેવતોનો વિનિ યોગ કરવામાં આવે છે.

- ❖ જ્ઞાન મેળવી લેવા દો જીવન ટૂંકું છે. :-અર્થ:- જીવનમાં જ્ઞાનનું મહત્વ વધારે છે.
- ❖ જીવન પળે-પળે જીવવાનું છે. :- અર્થ :-જીવન જીવવાનો આનંદ લેવો જોઈએ.
- ❖ "Something is missing":- અર્થ :-જીવનમાં પૂર્ણરૂપે સક્ષમ હોવાં જોઈએ.
- ❖ અધૂરપ નહીં વ્યક્તિ પ્રગટે છે અને વિકસે છે.:- અર્થ :-વ્યક્તિ જ્યારે વધારે મહેનત કરે છે ત્યારે વિકાસ પામે છે.
- ❖ Life is short :-અર્થ:- જીવન ટૂંકું હોય છે . શીખી લેવું જોઈએ.
- ❖ Life is too short to be little :- અર્થ:- જીવન ટૂંકું હોય છે . શીખી લેવું જોઈએ
- ❖ ઘાયલ કી ગત ઘાયલ:- અર્થ:- દૃ:ખીનું જીવન દૃ;ખી
- ❖ જીવન બધા કરતાં મોટું છે :- અર્થ:- જીવન અમૂલ્ય વસ્તુ છે.
- ❖ ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહેવું :- અર્થ:- લક્ષ ન મળે ત્યાં સુધી મહેનત કરવી.
- ❖ ન્યૂનતમ જરૂરી દુષ્ટતા :-અર્થ:-ખરાબ વિચારો દુર્ગતિ પમાડે છે.
- ❖ સાર લ્યો, અસાર છોડો – વિનોબા :- અર્થ:- સારી બાબતોને ગ્રહણ કરો અને ખરાબને છોડો.
- ❖ "બધુંજ તેની જગ્યાએ બરાબર છે" સ્વામી વિવેકાનંદ :- અર્થ:- ઈશ્વરે બનાવેલી પૃથ્વી પર યોગ્ય રીતે સંચાલનથી છે.
- ❖ ગુણ દરવાજો છે મર્યાદા દીવાલ છે:-અર્થ:-ગુણએ દરવાજાનું કામ કરે છે અને મર્યાદાઓ દીવાલનું કામ જીવનમાં કરે છે.
- ❖ તુ જ તારો સમાધાન છો :- અર્થ:-ગીતાનો શ્લોક છે.આપણે આપના અંદ ઝંખીને જોવું પડે સમાધાન આપોઆપ મળે છે .
- ❖ જાનામિ ધર્મમ ન ચ મે પ્રવુતિ :-અર્થ:- મનુષ્ય ન ઈચ્છતો હોવાં છતાં પાપનું આચરણ કેમ કરે છે .

રૂઢિપ્રયોગો

- □ વિદ્યાર્થીને આંજી નાંખવા :- અર્થ:- સંતોષ પમાડવો
- □ ગળગળા થવું :- :- અર્થ:- ભાવુક થવું

-  ઉમરાવ શાહી યુગનો માણસ હોવું :- અર્થ:- જૂના રીત રિવાજો માનવા વાળા લોકો
-  બી રોપવું :- અર્થ:- વિચાર આપવો
-  રૌદ્રરૂપ જોઈ ઠરી જવું :- અર્થ:- ગુસ્સો જોઈને શાંત રહેવું
-  ડોળ કરવા :- અર્થ:- અતિશયોક્તિ કરવી
-  લઘુતા ગ્રંથિથી પીડાવવું :- અર્થ:-બીજાનું સુખ જોઈને પીડાવવું
-  હસતાં મોં એ સાંભળી લેવું :- અર્થ :- જાણ હોવાં છતાં દુ:ખ સહન કરવું
-  હૃદય ઝણઝણી ઉઠવું :- અર્થ :- અધમકૃત્યથી આઘાત લાગવો
-  તલપાપડ થવું :- ઉતાવળ કરવી
-  મન ડગુમગુ હોવું :- નિચ્છિત ન હોવું
-  ઉપરવટ થવું :- બીજાથી વિશેષ કરવું
-  જળઝળાં હર ભર્યું થવું :- પ્રકૃતિ ખીલવી
-  મગજ ઘેર રાખીને આવવું :- ધ્યાન ન હોવું
-  વાતાવરણ હળવું થવું :- શાંત થવું
-  કુરચા ઉડાડી દેવા :- ખરાબ રીતે મારવું
-  ઈજરા શાહી તોડવી :- નિયમો તોડવાં
-  કલ્પનાતિત સુધારો થવો :- અર્થ :- મનમાં થયેલો સુધારો
-  આબેહૂબ નકલ કરવી :- બીજા જેવી જ નકલ
-  વિઘ્ન રૂપ થવુ :- અડચણરૂપે બનવું
-  અપાર્થિવપણું થવું :- અર્થ :-ધ્યાન મગ્ન થવું વિ ચારે ચડવું
-  દહી-દૂધમાં પગ રાખવાં :- અર્થ :- બંને બાજુનું બોલવું , એક એ પક્ષને વફાદાર ન રહેવું
-  આભાર વશ થવું :- નતમસ્તક થવું
-  દાવ પેચ ખેલવા :- કાવા દાવાથી ઝગડો કરાવવો
-  વટ પડી જવો :- બીજાથી ચઢિયાતું કરવું.
-  ઉજ્જવળ ભાવિ જોવું :- ઉત્કૃષ્ટ ભવિષ્યને આંકવું
-  ફાટી આંખે પૂછવું :- અચાનક રીતે પૂછવું ,આશ્ચર્ય ચકિત થવું
-  નાટક વેડા કરવા :- ખોટી રીતે દૂ:ખ દેખાડવું
-  મોતિયા મરી જવા :- શરીરમાં અશકત થવું .
-  અર્ધે ગાડું અટકી પડવું :- જીવન અધૂરું છે તેમ કહેવું .
-  યુક્તિ બાજ હોવું :- ચાલાકી વાપરવી

૩.૩.૬:- પ્રકીર્ણ

આ પુસ્તક એક જ બેઠકે પૂર્ણ કરવા વાચકને મજબૂર કરે છે . શાહ સાહેબના પાત્ર દ્વારા સાચાઅર્થમાં શિક્ષણ કેવું હોવું જોઈએ એનો ચિતારતો મળે જ છે. અલબત્ત,જિંદગી જીવવા અંગેનુંતત્વજ્ઞાન પણ ખૂબ સરસ રીતે ઝીલાય આવ્યું છે. કૃતિના અંતે વૃદ્ધાવસ્થાને આરે ઊભેલા શાહ સાહેબના ઝળહળતા ચહેરા પરએ જ પ્રજ્ઞા એ જ મસ્તી કિશોરને જોવા મળે છે. દવે સાહેબનું પાત્ર એ સૂચવી જાય છે કે વિદ્યાર્થીઓ અને શિ ક્ષકોએ વિદ્યાર્થીઓનું અહિત કરનારા , શિક્ષણ જગતમાં રાજકારણ ખેલતા, દુષ્ટવૃત્તિ ધરાવતા, ચોરીછૂપીથી વાર કરતા, શિક્ષકોથી શા માટે દૂર રહેવું જોઈએ..શિક્ષણ જગત સાથે સંકળાયેલ વ્યક્તિઓને તો ઘણી બધી રીતે આપણું જ જીવાતું જીવન અનુભવાશે. વ્યક્તિપોતે કોઈ એક કિ રદાર તો હોય જ. આપણા શિ ક્ષણ જગતની ડાર્ક સાઈડ લેખકે આંગળી પકડી બતાવી છે.લેખકે માનવ સ્વભાવની વાત ખૂબ સહજતાથી કહીને , પદ જે છે એ કાયમ રહેતું નથી એટલું જરૂર સમજવું રહ્યું.

આપણા ગમા -અણગમાને કારણે આપણા વિદ્યાર્થી ભોગ ન બનવા જોઈએ. શિક્ષણ જગતમાં વ્યાપેલ હરીફાઈ, દૂષણો ,ખેંચાખેંચી, ધમપછાડા, રાગ-દ્વેષ , પોતાની લીટી મોટી ન કરી શકતા હોય તેવા સંજોગોમાં બીજાની લીટી નાની કરવાની એવા તો કંઈ કેટલા કાવા દાવા રચાતાં રહેતા હોય છે એનો તંતોતંત ચિતાર આલેખાયો છે.આ પુસ્તક આપણને આપણી અંદર ડોકિયું કરવા મજબૂર કરે છે. આપણી અંદર ક્યાંક કોઈક જગ્યાએ કિરણ દવે તો નથી બેઠા ને ?! જ્યોતીન્દ્રનું જીવન શિક્ષણ જગતના માણસોને હિંમત અને બળ પૂરું પાડે છે. અલબત્ત, જ્યોતીન્દ્ર થવું ખૂબ અઘરું છે.

પ્રતિભાશાળીઓને બાહ્ય રીતે તો ચોક્કસ ખલેલ પહોંચાડી શકાય.આંતરિક રીતે તો નહીં જ. સામાન્યો તેને હટાવવા , હેરાન પરેશાન કરે.બધું જ કરી છૂટે. છતાં જેમની પ્રતિભા જ સ્વયંભૂ હોય તેની મસ્તી તો રહેવાની. ભલે પછી આર્થિક સ્થિતિ નાજુક હોય. વારંવાર પડકારો ઝીલવા પડે. સંઘર્ષોનો સામનો કરવો પડે. અથડામણો અનુભવવી પડે. સતત એની સાથે ષડયંત્રો ચાલતા હોય. આનાથી પ્રતિભાશાળી ઓને નુકસાન પહોંચે છે જરૂર. પણ પ્રતિભાશાળીની પ્રતિભામાં એનાથી કોઈ ફરક પડતો નથી. એ તો સ્થિર રહે છે અંગદના પગની જેમ....

શાહ સાહેબના 'પ્રતિભાશાળી બનો' વિચારના વિરુદ્ધ દવે સાહેબના 'મહત્વકાંક્ષી બનો' ની ઝુંબેશ:

શાહ સાહેબ હંમેશા વિદ્યાર્થીઓને સલાહ આપતા હતા કે 'પ્રતિભાશાળી બનો' આ બાબત પાછળ તેમનો ઉદ્દેશ્ય એ જ હતો કે 'પ્રતિભાશાળી લોકોની પ્રતિભાની મસ્તી જ એટલી જબ્બર છે કે બાહ્ય સિદ્ધિઓનું કશું મૂલ્ય નથી હોતું' વિશ્વનો ઈતિહાસ જોઈ લો . કોઈ અજ્ઞાત ઋષિથી માંડી વિનોબા કે વિક્રમ સારાભાઈ સુધીની પ્રજ્ઞાવાન વ્યક્તિઓએ જ વિશ્વ ચલાવ્યું છે. પૈડાથી માંડી ઈસરો સુધીની શોધો આ લોકોની પ્રજ્ઞાનું પરિણામ છે. તેમના જ શબ્દોમાં . પરંતુ આ શાહ સાહેબના ઉચ્ચ વિચારો વિરુદ્ધ દવે સાહેબ વિદ્યાર્થીઓને માત્ર ભણી -ગણીને ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરો, ભૌતિક સુવિધાઓ મેળવો મહત્વકાંક્ષી બાનોની ઝુંબેશ ચલાવવા લાગ્યા હતા અને આમાં ઘણા વિદ્યાર્થીઓને તેમણે પોતાના સકંજામાં પણ લીધા હતા. છતાં શાહ સાહેબ આગળ તેમણે પોતાની જિંદગીના છેલ્લા દિવસોમાં પોતાની ભૂલ સ્વીકારે છે અને તેઓ પણ કહે છે કે પ્રતિભાશાળી બનો.આમ આ પડકારનો પણ શાહ સાહેબ દ્રઢતાથી સામનો કરે છે.

પ્રવાસ આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં ભાગલા :

દવે સાહેબ જ્યારે એવું સાંભળે છે કે શાળામાં પ્રવાસ ગોઠવાય છે. ત્યારે શાહ સાહેબ એક દિવસના પ્રવાસનું આયોજન કરવાનું વિચારે છે. અને દર વર્ષે આ જ રીતે પ્રવાસ થતો હોય છે. કારણ કે ઘણા એવા વિદ્યાર્થીઓ પણ હતા કે જેઓને મોટો -લાંબો પ્રવાસ આર્થિક રીતે પરવડે તેમ નહતો. આથી શાહ સાહેબ દર વર્ષે ટૂંકા પ્રવાસનું આયોજન પોતે જ કરતા. પણ આ વખતે દવે સાહેબ દિલ્હી, રાજસ્થાન વગેરે સ્થળો એ લાંબો પ્રવાસ કરવાનો પ્રસ્તાવ મૂકે છે. અને જે વિદ્યાર્થીઓને આર્થિક રીતે પોસાય તે જ
વિદ્યાર્થીઓ આ પ્રવાસમાં જોડાય છે અને આમ, પ્રવાસ આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં ભાગલા પડે છે. છતા શાહ સાહેબ નિર્લેપ રહે છે અને જ્યારે સામાન્ય નાના પ્રવાસમાં બધા આવે છે. ત્યારે વિદ્યાર્થીઓ કહે છે કે "દિલ્હીમાં મજા આવી પણ જાણવાતો આ નાના પ્રવાસમાં જ મળ્યું." આ વાક્ય દ્વારા દવે સાહેબના પ્રવાસ આયોજનનો તમાશો શાહ સાહેબના પ્રવાસ આયોજન દ્વારા મળે છે.

સ્પોર્ટ્સ -ડેની ઉજવણીમાં નવી રમતો દાખલ કરી વિદ્યાર્થીઓમાં જૂથોની રચના:

સ્પોર્ટ્સ -ડે નજીક આવતા પરંપરાગત રીતે રમા તી રમતોના આયોજન માટે મીટીંગો થાય છે અને તેમાં પણ તે જ પહેલા ની જ રમતો રાખવાની વાત થાય છે. ત્યારે દવે સાહેબ તેમાં નવી -નવી બીજી રમતો પણ દાખલ કરવાનું કહે છે. ત્યારે શાહ સાહેબ કહે છે કે આથી વિદ્યાર્થીઓમાં હરીફાઈની ભાવના પેદા થાય છે. માટે આવી રમતો દાખલ કરવી જોઈએ નહીં. છતાં દવે સાહેબના આગ્રહથી આ પ્રયોગ થાય છે અને સાચે જ શાહ સાહેબના કહ્યા મુજબ વિદ્યાર્થીઓ હરીફાઈની, મતભેદની ભાવના જાગૃત થાય છે અને આને કારણે એક વિદ્યાર્થી આક્રોશમાં આવી એક વિદ્યાર્થીને ખૂબ મારે પણ છે અને આમ આ રીતે વિદ્યાર્થીઓના જૂથો રચાય છે.જે શાળાના વાતાવરણમાં કલેશ ઉત્પન્ન કરે છે. આ આખો મામલો દવે સાહેબના હાથ નીચેથી સરકી જાય છે અને તેનું સમાધાન શાહ સાહેબ લાવી દવે સાહેબના નવી નવી રમતો દાખલ કરવાના વિચારને પછડાટ આપે છે.

વિજ્ઞાનમેળાના આયોજનમાં દવે સાહેબની દરમિયાનગીરી:

શાળામાં વિજ્ઞાન મેળો જિલ્લા કક્ષાએ યોજાવાનો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ આ માટે મિટિંગ ભરાઈ અને તેમાં વકતૃત્વ સ્પર્ધા માટે શાહ સાહેબને દર વર્ષની જેમ કામગીરી સોંપવામાં આવી . પણ આ વખતે તેનું આયોજન દવે સાહેબ પોતે લેવાનું સૂચવે છે.શાહ સાહેબને દવે સાહેબના નુસખાની પૂરેપૂરી જાણકારી હોવા છતાં તેઓ દવે સાહેબને આ વકૃત્વ વિભાગ સોંપે છે. તેઓ એક નવા જ વિદ્યાર્થીને આ માટે પકડે છે અને ઘણી બધી મહેનત કરી તેઓ "ઔદ્યોગિકીકરણ નો સામાજિક જીવન પર પ્રભાવ" એ વિ ષય પર વકતૃત્વ તૈયાર કરાવે છે. પણ તે વિદ્યાર્થી માત્ર ગોખેલું બોલી જવાય તેમ બોલી નાખે છે. ન કોઈ આરોહ અવરોહ, કે ન કોઈ હાવભાવ છેવટે થાકીને દવે સાહેબ આ કામ પોતાની જાતે જ શાહ સાહેબને સોંપે છે અને શાહ સાહેબ આ માટે પોતાની રીતે વકતૃત્વ તૈયાર કરી તેની સીડી વિદ્યાર્થીને આપે છે અને તે મુજબ તેની તૈયારી કરાવે છે અને સ્ટેજ પાવર માટે દરેક ક્લાસમાં તેને બોલાવડાવે છે અને અંતે આટલી બધી કરેલી મહેનત રંગલાવે છે.આ સ્પર્ધામાં તે વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવે છે. શાહ સાહેબ દવે સાહેબને પડકારે છે.

શાહ સાહેબના મૂલ્યનિષ્ઠ વિચારોનું ખંડન:

શાહ સાહેબ હંમેશા વિદ્યાર્થીઓને કહેતા કે "ધનવાનોને લુંટાય એટલા લૂંટજો પણ ગરીબો પ્રત્યે તો દયાભાવ જરૂર રાખજો. જીવનમાં પ્રતિભા જરૂરી છે માટે પ્રતિભાશાળી બનો. મહત્વકાંક્ષા વિ શે પણ તેઓ કહેતા કે મહત્વકાંક્ષા પણ હોવી જ જોઈએ તો જ વ્યક્તિની શક્તિ પ્રગટે છે અને વિકસે છે પણ તેની લક્ષ્મણરેખાતો બાંધવી જોઈએ" શાહ સાહેબના આ મૂલ્યનિષ્ઠ વિચારો વિરુદ્ધ દવે સાહેબ વિદ્યાર્થીઓને એવું કહેતા કે દવે સાહેબના શબ્દોમાં જ- "જીવન નાનું છે, ભોગવી લો, મજા કરી લો આવા વિચારો અત્યારે ન કરાય આવા સાધુદાય વિચારો જ્યોતીન્દ્રને કરવા દો, ભલે તે પુસ્તકોમાં માથું ખોસી વિચાર્યા કરે. જોતા નથી તેણે જીવનમાં મેળવ્યું શું ? હંમેશા વિચારતો જ રહ્યો ! કશું ન કર્યું, સાવ પછાત રહી ગયો." આમ આ રીતે દવે સાહેબે શાહ સાહેબના આ મૂલ્યનિષ્ઠ વિચારોનું ખંડન કરવાનું ચાલુ કર્યું. પણ શાહ સાહેબ નિર્લેપ રહ્યા. જીવનના અંતે દવે સાહેબ જ આ વાતનો સ્વીકાર કરે છે અને ભૌતિક સુખ સગવડોથી દૂર રહેવા કહે છે. તે પણ શાહ સાહેબની પ્રતિભાના જ દર્શન કરાવે છે.

શાહ સાહેબના વિચાર વિરુદ્ધ શાળાના શિક્ષકોનું શિક્ષક સંઘમાં જોડાણ માટે દવે સાહેબનુ દબાણ:

દવે સાહેબના શાળામાં પ્રવેશ પહેલા ક્યારેય શિક્ષક સંઘની વાત શાળામાં પ્રવેશી ન હતી. પણ દવે સાહેબના પ્રવેશના થોડા મહિનાઓ બાદ આ વાત શાળાના શિક્ષકોમાં પ્રસરવા લાગી. શિક્ષકસંઘના પ્રમુખની ચિઠ્ઠી આવી છે, તો આમાં શિક્ષકોએ ભાગ લેવો જ જો ઈએ એવું દવે સાહેબે સૂચવ્યું. ત્યારે ઓઝા સાહેબ અને શાહ સાહેબે કહ્યું કે આપણા ટ્રસ્ટીઓ એટલા વિશ્વાસુ અને સરસ છે કે આપણે તેમની સમક્ષ ક્યારેય ફરિયાદ કરવી નહીં પડે. માટે તેના જોડાણથી ટ્રસ્ટી ઓની નજરમાં આવીશું. પણ દવેસાહેબ આ વાતને લઈને શિક્ષકોના કાનમાં કાન ભંભેરણી કરે છે કે "ટ્રસ્ટીઓ વૃદ્ધો છે,કાલે તેવો જતા રહેશે અને કોઈ યુવાન આવશે તે વળી નવા નિયમો લાવશે. જે સંભવ છે આપણને અનુકૂળ ન પણ હોય તો ?" આમ કરી તે બધા શિક્ષકોને શિક્ષક સંઘમાં જોડાવા મજબૂર કરે છે. જે શાહ સાહેબના વિચારથી તદ્દન વિરુદ્ધ હોય છે છતાં શિક્ષકો જોડાય છે. પણ શાહ સાહેબ આમાં જોડાતા નથી અને આ રીતે ન જોડાઈ દવે સાહેબના પ્રશ્નનો ઉત્તર આપે છે.

હડતાળ ની ઘટનાના અંતે:

એક દિવસ શાળામાં એવી ઘટના બનવા પામે છે કે તેમાં હડતાળનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. શિક્ષક સંઘમાં જોડાયેલા શિક્ષકોની એક શાળામાં તેમને મળતી સુવિધાઓ અટકાવી દેવામાં આવી . આથી તે શિક્ષકોને ન્યાય મળે તે અર્થે શિક્ષક સંઘમાં જોડાયેલા તમામ શિક્ષકો હડતાળ પર ઉતરવાનો નિર્ણય કરે છે. પણ શાહ સાહેબ આ બાબતની વિરુદ્ધ રહે છે. દવે સાહેબ તો હડતાળ પર ઉતરવા તૈયાર થઈ જાય છે. પણ શાહ સાહેબ આ ઘટનાને બનતા અટકાવે છે અને તેઓ કહે છે કે હડતાળમાં જોડાવાથી ટ્રસ્ટીઓ નારાજ થશે અને શિક્ષકોએ પણ તેમને વચન આપ્યું હતું કે શાળાના ભોગે તેવું કંઈ પણ નહીં કરે આમ , આ સમાજ દ્વારા શાહ સાહેબ શિક્ષકોને હડતાળમાં ન જોડાવા તેમજ તેમની વતી એક શિક્ષક ઉપવાસ માટે જોડાશે અને શાળા ચાલુ રહેશે તે દ્વારા આઘટનાનો નિવેડો લાવે છે.

શાળામાં ટ્યૂશન પ્રથાનો પ્રવેશ:

દવે સાહેબ વધારે કમાણી તેમજ વિદ્યાર્થીઓને પોતાની બાજુ ઢાળવા માટે તેઓ ટ્યુશન કરાવવા માટેનો પ્રસ્તાવ રજૂ કરે છે. આ વાતની શાહ સાહેબને જાણ થતાં તેઓ કહે છે શું આપણે સારું ભણાવતા નથી માટે ટ્યુશન કરાવવા ઇચ્છો છો ? પણ દવે સાહેબ કહે છે આપણી શાળાના વિદ્યાર્થીઓને તેઓ ટ્યુશન નહીં કરાવે પણ અન્ય શાળાના વિદ્યાર્થીઓને જરૂર હોય તેમને ટ્યુશન કરાવીશું. પણ શાહ સાહેબ કહે છે વિદ્યાર્થીઓ વાંદરા છે, દેખા દેખી માં માને છે. આપણા વિદ્યાર્થીઓમાં પણ આ વૃત્તિ આવશે અને તમે લોકો પણ વધુ કમાવા આપણા વિદ્યાર્થીઓને પ્રેરશો જ. પણ બધા શિક્ષકો આવું નહીં થાય તેનું વચન આપે છે. અને ઓઝા સાહેબ ટ્યુશન માટે રજા આપે છે અને આમ, શાળામાં ટ્યૂશન પ્રથાનો પ્રવેશ થાય છે. પણ શાહ સાહેબ તેનાથી તદ્દન અલિપ્ત રહે છે.

સંઘર્ષની અનુભૂતિ :

શિક્ષક સંઘની રચનામાં જોડાણ અને ટ્યૂશન પ્રથામાં સફળ બનેલ દવે સાહેબ હવે શાહ સાહેબ સાથે સંઘર્ષની અનુભૂતિ કરે છે. પણ તેઓ જાણતા હોય છે. શાહ સાહેબ સંઘર્ષને માનતા જ નહોતા. આ તો માત્ર દવે સાહેબનો પોતાનો જ સંઘર્ષ હતો. શાહ સાહેબતો બૌદ્ધિક સંઘર્ષમાં એક્કો હતા. તેમની સામે એમાં કોઈ ટકી શકે તેમ નથી. આથી આડકતરી રીતે દવે સાહેબ શાહ સાહેબને હેરાન કરવાનું ચાલુ કરે છે પણ શાહ સાહેબ તેમાં પણ સ્થિર રહે છે.

ટ્રસ્ટી મંડળમાં શાહ સાહેબ વિશે ખોટી છાપ ઉપસાવવાનો પ્રયાસ:

એકવાર શાહ સાહેબ સામાન્ય વિજ્ઞાનમાં સાધુ સંતો વિશે ભણાવતા તેમાં તેમની સાધુઓના કર્મકાંડ વિશે પણ તે સમજણ આપતા હોય છે. તે વાત દવે સાહેબ સાંભળી જાય છે અને આને મુદ્દો બનાવી ટ્રસ્ટીઓને કહે છે.શાહ સાહેબ વિદ્યાર્થીઓને સાધુઓ વિરુદ્ધ ભડકાવે છે અને આવી વાત અમે કરી છે તેવું જાણવા દેવું નહીં, પણ શાહ સાહેબ આ વાત કોણ કરે છે તે જાણી જાય છે અને તે કયા સંદર્ભમાં આવું ભણાવ્યું તેની સાબિતી પણ આપે છે અને આમ શાહ સાહેબની ટ્રસ્ટી મંડળમાં ખોટી છાપ ઉપસાવવાનો દવે સાહેબનો પ્રયાસ નિષ્ફળ જાય છે.

આચાર્ય પસંદગીમાં કૂટનીતિ :

ઓઝા સાહેબની નિવૃત્તિ બાદશાહ સાહેબ આચાર્યના પદ પર આવવા માટે લાયક ઠરે છે. પણ તેઓ આ પદ પર ન આવે તે માટે ઇન્ટરવ્યૂ થાય છે અને તેમાં બેઠેલા સાહેબોને દવે સાહેબ રાકેશની ઓળખાણને જોરે ખરીદી લે છે અને શા હ સાહેબ ઇન્ટરવ્યૂમાં પ્રથમ નંબરે હોવા છતાં પણ તેમાં કૂટનીતિ રમાય છે અને આ વાત શાહ સાહેબ કળી જાય છે અને તેઓ પોતાની જાતે જ બેદરકારીથી જવાબો આપે છે. જ્યારે દવે સાહેબને પહેલાથી જ સવાલો મળી જવાથી તે સારા ઉત્તરો આપે છે અને આમ દવે સાહેબ આચાર્ય બને છે પણ તેની લેશમાત્ર પણ શાહ સાહેબને અસર થતી નથી.

સંદર્ભ સૂચી


- ધોળકિયા,હરેશ, (૨૦૦૮).'અંગદનો પગ' 'નવલકથા' અમદાવાદ : ગુર્જર ગ્રંથરત્ન પ્રકાશન.
- ધોળકિયા,હરેશ, ટેલીફોનીક મુલાકાત ..
- ધોળકિયા,હરેશ, મોકલેલ પરિચય પીડીએફ ,૨
- 'ગ્રંથ વિમર્શ ગોષ્ટિ' ડૉ.વૈશાલી શાહ .કેમ્પસ ડાયરેક્ટર, સી.એન. વિદ્યાવિહાર,સરસપુર અમદાવાદ ,વ્યાખ્યાન, ૧૧- ફેબ્રુ.-૨૩
- દરજી,પ્રવીણ,(૧૯૮૯)નવલકથા સ્વરૂપ. અમદાવાદ :યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત
- ઠાકર, ભરતકુમાર,(૨૦૦૯) નવલકથા :શિલ્પ અને સર્જન.ભારત પ્રકાશન.
- વૈદ,ડૉ. નરેશ , કથાવિમર્શ: ગુજરાત
- **https://blog.drbharatdesai.com/2020/07/angad-no-pag.html?m=1**
- **http://gujaratisahityaparishad.com/prakashan/sameeksha/angad-no-pag.pdf**
- **https://www.researchguru.net/oldvolume/V4DEC2014/RG6.pdf**
- **http://kcgjournal.org/kcg/wp-content/uploads/humanity/issue42/Issue42MihirVora.pdf**


---


Pushkar Kalola.
B.A ,M.A (Gujarati) - University Fast,
Gujarat Vidyapith,
Ahmedabad-380014